| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ | | |
| રજી. તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૨૯ |

सत्यमेव जयते

**જામનગરના બીજા અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ફો.અપીલ નં. ૬૦૨/૨૦૨૫**

**આંક: ૦૭**

૧. **વિનોદભાઇ હરજીવનભાઇ પરમાર,**
ઉ.વ.૩૭, ધંધો: મજૂરીકામ,

૨. **હરજીવનભાઇ લવજીભાઇ પરમાર,**
ઉ.વ.૬૦, ધંધો: નિવૃત,

૩. **દેવીબેન હરજીવનભાઇ પરમાર,**
ઉ.વ.૫૫, ધંધો: નિવૃત્ત
રહે. બધા શેરી નં.૩, મારુતીનગર,
સતવારા સમાજની વાડી સામેના રોડ ઉપર,
રડાર ગેઇટ પાસે, ગોકુલનગર, જામનગર ....... એપેલન્ટસ

**વિરુદ્ધ**

૧. **જયોત્સનાબેન વા.ઓ. વિનોદભાઇ પરમાર,**
**ડો.ઓ. મનસુખભાઇ જીવરાજભાઇ નકુમ,**
ઉ.વ.૩૫, ધંધો: ઘરકામ,
રે. શેરી નં.૧, બચુ પુરબીયાની વાડી,
સતવારા સમાજ પાસે, ગુલાબનગર, .......રીસ્પોડન્ટ

**વિષય:-** કૌટુંબિક હિંસાખોરીથી સ્ત્રીઓના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૦૫ કલમ-૨૯ અન્વયે અપીલ.

---

એપેલન્ટસ તરફે વિદ્ધાન વકીલશ્રી એન.એમ.મણિયાર

રીસ્પોન્ડન્ટ તરફે વિદ્ધાન વકીલશ્રી બી.એન.શેઠ

---

## -:: ઠરાવ ::-

૧. એપેલન્ટની અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના રીસ્પોન્ડન્ટે (મૂળ અરજદાર) એપેલન્ટસ (મૂળ સામાવાળા) વિરુદ્ધ જામનગરના એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ફોજદારી પરચૂરણ અરજી નં.૯૬૦/૨૦૨૧ થી કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૧૨,૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૨ તથા ૨૩ મુજબ અરજી કરેલ. જે કામમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે રીસ્પોડન્ટ (મૂળ અરજદાર) ની અરજી અંશત: મંજૂર કરી, એપેલન્ટસ નં.૧ એ રીસ્પોન્ડન્ટને ભરણપોષણ પેટે માસીક રૂા.૪૦૦૦/-(અંક રૂપિયા ચાર હજાર પૂરા) અરજી કર્યાની તારીખથી ચઢે ચઢ્યા ચૂકવી આપવા તથા ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ, ૨૦૦૫ ની કલમ-૧૯ અન્વયે રીસ્પોન્ડન્ટને રહેઠાણ અન્વયે મહીને રૂા.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા) ભાડા પેટે અરજી કર્યાની તારીખથી ચઢે ચઢ્યા ચૂકવી આપવાનો હુકમ કરેલ. જે હુકમથી નારાજ થઇ એપેલન્ટસે હાલની અપીલ કરેલ છે. અપીલ લાવી તેઓએ જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં કાયદાની ગંભીર ભૂલ કરેલ છે, ટ્રાયલ કોર્ટે સામાવાળાએ જે જવાબ રજૂ કરેલ છે તે જવાબને ધ્યાનમાં લીધા વિના તેમજ સામાવાળાની આખરી દલીલ ધ્યાને લીધા વિના જે આખરી હુકમ કરેલ છે તે ભૂલ ભરેલ છે. આ કામના એપેલેન્ટ નં.૧ કડીયાકામની દૈનિક મજૂરી કામ કરી દૈનિક રૂા.૩૫૦/- અને મહીને રૂા.૯૦૦૦/- જેટલુ જ કમાય છે. તેમજ એપેલેન્ટ નં.૧ ની ઉપર તેમના વયોવૃદ્ધ માતા-પિતાની ભરણપોષણ તેમજ દવાઓના

ખર્ચની તમામ જવાબદારીઓ તેમના શીરે રહેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટ પોતાના માવતરે જ વસવાટ કરતા હોય અને તેઓએ કોઇ ભાડાવાળું મકાન રાખેલ ન હોય જેથી રીસ્પોન્ડન્ટને દરમહિને રૂા.૩૦૦૦/– ભાડાનો ચૂકવી આપવાનો જે હુકમ કરેલ છે તે રદ્દ થવાને પાત્ર છે. વધુમાં ટ્રાયલના કામે કોઇ દુ:ખ ત્રાસ પુરવાર થયેલ નથી. ટ્રાયલ કોર્ટે એપેલન્ટની આવક અંગે અનુમાનના આધારે હુકમ કરેલ હોઇ, ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દ કરી એપેલન્ટસની હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૨. આ કામના રીસ્પોન્ડન્ટને નોટિસ બજી જતા, રીસ્પોન્ડન્ટ તરફે વિદ્વાન વકીલશ્રી બી.એન.શેઠ હાજર રહેલ છે. પરંતુ તેમના તરફથી કોઈ લેખિત જવાબ રજૂ કરેલ નથી.

૩. સદર કામે એપેલન્ટસના વિદ્વાન વકીલશ્રીએ તેઓની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે સામાવાળા નં.૧ એ અરજદારને રૂા.૪૦૦૦/– દર માસે ભરણ પોષણ પેટે ચૂકવવા તથા રહેઠાણ માટેના માસિક રૂા. ૩૦૦૦/– ચૂકવવા કરેલ હુકમ સામાવાળાની આવકને ધ્યાને લીધા વગર કરેલ હુકમ છે. આ કામના રીસ્પોન્ડન્ટ પોતાના માતા–પિતાના મકાનમાં રહેતા હોય તેઓને કોઇ ભાડાના મકાનની જરુરીયાત ન હોવા છતાં ટ્રાયલ કોર્ટ મકાન ભાડા પેટે માસિક રૂા.૩૦૦૦/–નો જે હુકમ કરેલો છે તે ભૂલ ભરેલ હોય રદ્દ થવાને પાત્ર છે. વધુમાં રજૂઆત કરેલ છે કે, આ કામના રીસ્પોન્ડન્ટ લગ્નના બીજા દિવસથી જ રુઆબથી રહેતા હતા અને એપેલેન્ટ સાથે ઝઘડો કરતા અને તેઓનું અપમાન કરતા હતા. રીસ્પોન્ડન્ટ અલગ રહેવાની જીદ કરતા જેથી એપેલેન્ટ નં.૧ એ ના

પાડતા પોતાના નાના બાળકને માર મારતા. રીસ્પોન્ડન્ટ પોતાની મરજીથી કોઇને કાંઇપણ કહ્યા વગર પોતાના એક વર્ષના દીકરાને મુકીને માવતરે ચાલ્યા ગયેલા. આમ, એપેલેન્ટ દ્વારા ક્યારેય રીસ્પોન્ડન્ટ ઉપર કૌટુંબિક હિંસા આચરેલ નથી. ટ્રાયલના કામે સામાવાળાની આવકનો કોઇ પુરાવો અરજદારે રજૂ કરેલ નથી. તેમજ રીસ્પોન્ડન્ટ ભરત ગૂંથણ, સીવણ તેમજ બ્રાસપાર્ટમાં કામ કરીને મહીને રૂા.૨૦,૦૦૦/- જેટલુ કમાય છે. જે તમામ સંજોગો ધ્યાને લઇ એપેલન્ટની હાલની અપીલમાં જણાવેલ દાદ મંજૂર કરી, ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દ કરવા રજૂઆત કરેલ છે.

૪. રીસ્પોન્ડન્ટ તરફે વિદ્વાન વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, નામદાર અદાલતે રીસ્પોન્ડન્ટને ભરણપોષણ પેટે માસિક રૂા.૪૦૦૦/- તથા ધી પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલસન્સ એક્ટ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ રીસ્પોન્ડન્ટને રહેઠાણ અન્વયે માસિક રૂા.૩૦૦૦/-નો જે હુકમ કરેલ છે તે યોગ્ય અને વાજબી હોઇ, એપેલન્ટની હાલની અપીલ રદ્દ કરવા અરજ કરેલ છે.

૫. આ કામે ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો અપીલ મેમો, એપેલન્ટ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, દલીલ તથા ટ્રાયલ કોર્ટનો હુકમ ધ્યાને લેતાં, હાલની અપીલના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દા :-**

૧. શું એપેલન્ટ નિ:શંકપણે પુરવાર કરે છે કે, જામનગરના

એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ફોજદારી પરચૂરણ અરજી નં.૯૬૦/૨૦૨૧ ના કામે તા.૦૬/૧૦/૨૦૨૫ના રોજ ફરમાવેલ હુકમ ગેરકાયદેસર, કાયદાના સ્થાપિત સિદ્ધાંતો વિરુદ્ધનો, ખોટો અને ભૂલ ભરેલો હોઈ, રદ્દ કરવો અથવા તો તેમાં ફેરફાર કરવો જરૂરી છે?

૨. શું હુકમ

**૬.** ઉપરોક્ત મુદ્દાઓ અન્વયે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-: કા ર ણો :-**

**<u>મુદ્દા નં.૧</u> :-**

**૭.** ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાનું અસ્તિત્વ મુખ્યત્વે સ્ત્રીઓને તાકિદે ઘરેલુ હિંસામાં રક્ષણ મળે અને ભોગ બનનારને આ કાયદામાં મળવાપાત્ર દાદ મળે તે બાબતનો છે. આ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, મેજિસ્ટ્રેટે પોતાની વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી, વહેલામાં વહેલી તકે ઘરેલુ હિંસાચારથી ભોગ બનેલ સ્ત્રીઓને રક્ષણ મળે તે જોવાનું છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ પુરાવો કેવી રીતે પૂરો પાડવો તે મહત્વની બાબત નથી પરંતુ, પક્ષકારોને પોતાની રજૂઆત કરવાનો અને બચાવ કરવાની યોગ્ય તક સાંપડે તે જોવું મહત્વનું છે. સદર કામે વિદ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ ધ્યાને લેવામાં આવે તો, તેઓએ નિરીક્ષણ કરેલ છે કે, હાલના એપેલન્ટ નં.૧ કડીયાકામમાં દાડીયા તરીકે અને

મજૂરીકામ કરી માસિક રૂા.૯૦૦૦/– જેટલી આવક મેળવી શકે છે. તેમજ એપેલેન્ટ નં.૨–૩ વયોવૃદ્ધ છે અને તેઓના ભરણપોષણની જવાબદારી એપેલેન્ટ નં.૧ ઉપર છે તેવું સ્પષ્ટ જણાઇ આવે છે. પક્ષકારોનો સામાજિક અને આર્થિક દરજ્જો, પક્ષકારોનો મોભો, વગેરે ધ્યાને લેતાં ન્યાયના સ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં લેતાં ભરણ પોષણની રકમ એવી ન હોવી જોઇએ કે, પત્ની એશ આરામ કરી પતિથી દૂર રહી શકે, પરંતુ એટલી ઓછી પણ ન હોવી જોઇએ કે, પોતાની જીવન જરૂરિયાતની પાયાની વસ્તુઓ પણ ન મેળવી શકે. રીસ્પોન્ડન્ટને માસિક ભરણ પોષણ પેટે રૂા.૪૦૦૦/– તથા માસિક રહેઠાણની વ્યવસ્થા પેટે રૂા.૩૦૦૦/–ચૂકવવાનો જે હુકમ કરેલ છે તે યોગ્ય અને ન્યાયોચિત છે. આમ, ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી અંશત: મંજૂર કરતો જે હુકમ કરેલ છે તે વાજબી અને ન્યાયોચિત હોવાનું જણાઇ આવતું હોઇ, તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચીત જણાતું ન હોઇ, મુદ્દા નંબર ૧ નો જવાબ "**નકારમાં**" ઠરાવી મુદ્દા નંબર– ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

**૧.** એપેલન્ટની હાલની ક્રિમિનલ અપીલ આથી "**નામંજૂર**'' કરવામાં આવે છે.

**૨.** જામનગરના એડિશ્નલ ચિફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ફોજદારી પરચૂરણ અરજી નં.૯૬૦/૨૦૨૧ના કામે તા.૦૬/૧૦/૨૦૨૫ના રોજ કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

**૩.** એપેલન્ટ નં.૧ એ રીસ્પોન્ડન્ટને ચૂકવવાની ચડત રકમ તાત્કાલિક ચૂકવી આપવી અને ભવિષ્યમાં ભરણ પોષણી રકમ દર માસે ચડ્યે ચડ્યા ચૂકવી આપવી.

**૪.** આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના અસલ રેકર્ડ સાથે નીચેની કોર્ટને તાત્કાલિક પરત મોકલી આપવી.

**૫.** સદર હુકમની ખરી નકલ એપેલન્ટને વિના મૂલ્યે પૂરી પાડવી.

**૬.** સદર કામે ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૦૧[લી], માહે જુન, સને ૨૦૨૬ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર

**(વિજય પ્રેમચંદ અગ્રવાલ)**
બીજા અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નંબર:જીજે-૦૦૬૮૯.